

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જાતે થઈ ગ્યા ભગીરથ, નર્મદા રિસાઈ ગયાં -*
*બણગા ના પડઘા સૂણી, નર્મદા ખિજાઈ ગ્યાં -*
*સૂકાઈ ગયાં નર્મદા પ્રચારના દંભી પાપમાં -*
*દુષ્કર્મોના ખાબોચિયામાં, નર્મદા વિલાઈ ગયાં*

### હાઈકુ

*સુધાર્યું સ્તર,*
*થાય છે અબજોમાં -*
*ખાયકી હવે...*

*ચાલે છે હવે*
*બેન્કો પણ લોનથી -*
*ભાંગ્યો વિશ્વાસ!*

### ચિંતન

*દંડની વ્યામાયત્તમાત્મરક્ષણમ્ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આત્મરક્ષણ દંડનીતિ પર જ નિર્ભર છે.

કાનૂન-વ્યવસ્થા જડબેસલાક હોય તો જ રાજા પોતાને અને પોતાના રાજયને સલામત રાખી શકે છે. સત્ય તો એ છે કે, પ્રજાની સલામતી અને સુરક્ષાથી જડબેસલાક ના હોય તો પ્રજા સુખી નથી બનતી. સુખનો અભાવ અને દુ:ખનો પારાવાર પ્રજાને વિદ્રોહ ના પંથે વાળે છે અને એથી રાજા કે રાજય સલામત રહી શકતાં નથી.

ચોર-લૂંટારા જેવા ગુન્હેગારોને કડક સજા કરવામાં આવે તો જ સમાજની સુરક્ષા થઈ શકે - દા.ત. સલમાનને પચાસ હજારનો જ દંડ થાય તો તે તરત ચૂકવી સીધો બીજા કાળિયારની શોધમાં જ જાય ને ?!

### સુવિચાર

- કયારેક સુવ્વરને ગાતાં શીખવવાની કોશિશ કરો નહિ,
  એ સમયનો બગાડ છે અને સુવ્વરને તકલીફ આપે છે - **ડો. રોય**
- લાંબી જીંદગી જીવવાની એક ખોટી જીદ લઈને આપણે બેસી ગયા છીએ
  એ એક ખોટી જીદ છે - **જીવનસૂત્ર**
- મરેલાનો, નાશ પામેલાનો, અને ભૂતકાળનો બહુ શોક કરવાથી દુ:ખ બેવડાય છે - **કૃષ્ણ ગાંધારીને**
- હથિયાર ઘણીવાર એના માલિકનું પણ દુશ્મન બની જાય છે - **તુર્ક કહેવત**
- મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ, માનવી ઉપર મનનો કાબૂ એટલે વિનાશ - **પ્રેમચંદ**
- જે લોકો તમને એમ કહે છે કે પૈસાથી સુખ ખરીદી શકાતું નથી એમની
  પાસે કદી પૈસા જ હશે નહીં - **સેમ્યુઅલ જેકશન**
- આજનું ઔષધ : વડના પાનને ઘીમાં વાટીને દાઝેલા ભાગ પર લેપ કરવાથી બળતરા મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચિત્રાંગદ રાજા વનવિહાર માટે નીકળ્યા, રસ્તામાં સંતની ઝૂંપડી દેખાઈ. રાજાએ સંત માટે ભેટ મોકલાવી. પરંતુ સંતે ભેટનો અસ્વીકાર કર્યો. રાજાને નવાઈ લાગી. રાજા ચિત્રાંગદ ખુદ સંતને મળવા ગયા અને પૂછ્યું, 'અમારી ભેટ કેમે ન સ્વીકારી?' ત્યારે સંતે કહ્યું, 'મહારાજ, મારી જરૂરિયાત માટે મારી પાસે પર્યાપ્ત ધન છે અને હું રસાયણ વિદ્યા જાણું છું; કોઈ પણ ધાતુમાંથી હું સોનુ બનાવી શકું છું.'

રાજાએ કહ્યું, 'મને પણ સોનું બનાવવાનું રસાયણ વિદ્યા શીખવાડો જેથી મારા રાજયનું હું કલ્યાણ કરી શકું.' સંતે કહ્યું, 'મહારાજ, એના માટે તમારે સંયમ રાખવો પડશે, એક વર્ષ સુધી રોજ મારી પાસે આવવું પડશે. હું જેમ કહું તેમ કરવું પડશે. સાંભળીને અનુસરવું પડશે, તો એક વર્ષ પછી હું તમને રસાયણવિદ્યા શીખવાડી દઈશ.'

રાજા રોજ આવવા લાગ્યા. સત્સંગ તેમ જ આચાર-વિચાર અને રોજ પવિત્ર વાણીની અસર થઈ. પૂરા એક વર્ષમાં રાજાની વિચારસરણી બદલાઈ ગઈ. વર્ષ પછી સંતે રાજા ચિત્રાંગદને પૂછ્યું, 'આવતીકાલે હું તમને રસાયણવિદ્યા શીખવાડીશ.' ત્યારે રાજા ચિત્રાંગદે કહ્યું, 'પ્રભુ, આપની કૃપાથી હું સ્વયં રસાયણ બની ગયો છું. હવે કોઈ નશ્વરવિદ્યા શીખીને હું શું કરીશ?'

# કરિશ્માનાં ઓસરતા પૂર

**તંત્રીસ્થાનેથી...**

આપણા ફિલસૂફો કહી ગયા છે કે આ મર્ત્ય જગતમાં કશું જ કાયમી નથી. દરેકની પાછળ એક ઍક્સ્પાઈરી ડૅટ લખેલી જ હોય છે. કાળા માથાનો માનવી એના અહંકારમાં આ બાબતને અવગણતો રહે છે અને મહાભારતમાં યક્ષપ્રશ્નના ઉત્તરમાં યુધિષ્ઠિર કહે છે કે એમ જાણે અંત કયારેક આવવાનો જ નથી, એવા ભ્રમમાં રાચતો રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરી દેવાના સોગંધ ખાતા હતા. ૨૦૧૯ની ચૂંટણી આવે તે પહેલાં સામ, દામ, દંડ, ભેદ અપનાવી એમણે ખરાખોટા રસ્તે દેશમાં વીસ રાજયોમાં ભાજપનો વાવટો ફરકાવી દીધો. આથી એમના જમણા હાથ જેવા રાષ્ટ્રીય અધ્યક્ષને પણ પોરસ ચડ્યું હતું સાથે એમણે આકાશપાતાળ એક કરી મૂક્યાં હતાં તે સર્વવિદિત છે. ભાજપ પાસે જે 'વિકાસ' નો મુદ્દો હતો એ તો ફક્ત જાહેર સભાઓ ગજવવા પૂરતો હતો. ખરો મુદ્દો તો હિંદુત્વ જ હતો, છે અને રહેશે. પરંતુ એમના કમનસીબે ગંગાજમની સંસ્કૃતિથી ટેવાયેલી આ દેશની પ્રજા એમના આ ગાળિયામાં ફસાવા નથી માગતી તે ઉત્તર પ્રદેશ અને બિહારમાં અગાઉ થયેલ પેટા ચૂંટણીઓનાં પરિણામોએ સાનમાં સમજાવી દીધું હતું. તે પછી કર્ણાટકની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સત્તાથી વેગળો રાખવામાં વિપક્ષ સફળ રહ્યા તે ઘટના મહત્ત્વની ગણાય. ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવ્યો હોવા છતાં કર્ણાટકમાં એને સત્તાથી દૂર જ રહેવું પડ્યું એમાં કોંગ્રેસની કુનેહ અને સ્થાનિક પક્ષ જેડી(એસ)ની સમજદારી જવાબદાર હતી. હમણાં થયેલ બીજી પેટાચૂંટણીઓમાં વિપક્ષી એકતાએ વધુ એક વાર રંગ રાખ્યો છે. હિંદુત્વના મુદ્દે જિતાયેલ ભાજપની બે લોકસભાની બેઠકો કૈરાના અને નૂરપુર વિપક્ષી એકતાના પરિણામે એના હાથમાંથી સરકી જવા પામી છે. અલીગઢ યુનિવર્સિટીમાંથી પાક નેતા મોહંમદ અલી ઝીણાની તસ્વીર હટાવવાના મુદ્દે ભાજપે આ ચૂંટણીમાં હિંદુ મતોના ધ્રુવીકરણનો ભરપૂર પ્રયાસ કયો પરંતુ ચૌધરી ચરણસિંહના રાજકીય વારસ અજિતસિંહ અને જયંત દ્વારા વિપક્ષના સંયુક્ત ઉમેદવાર તરીકે પસંદ કરાયેલ મુસ્લિમ ઉમેદવાર તબસ્સુમ જંગી બહુમતીથી જીતી ગયાં છે. અજિતસિંહ આ લડાઈને 'જિન્ના' વિરુદ્ધ 'ગન્ના'ની જીત કહે છે. ગન્ના એટલે શેરડી. એ ફળદ્રુપ હરિત પ્રદેશમાં જાટ સમુદાય અને મુસલમાનો ખેતી પર નિર્ભર છે. ભાજપના ઉમેદવાર જાટ હોવા છતાં એમને જાટ સમુદાયના મત ન મળી શક્યા. મોદીની કરિશ્મા કે ચાણક્યના હુલામણા નામે ઓળખાતા અમિત શાહની માઈક્રોપ્લાનિંગ વાળી ચૂંટણી વ્યૂહરચના વિપક્ષી એકતા સામે નિષ્ફળ ગઈ. એવું જ ઉત્તરપ્રદેશની નૂરપૂર અને બિહારની જેકીહાટ બેઠક પર થયું. નૂરપુરની બેઠક સમાજવાદી પાર્ટીના ફાળે ગઈ અને બિહારમાં જેલવાસી લાલુયાદવની પાર્ટીનો હાથ ઊંચો રહ્યો. બંગાળમાં મમતા બેનર્જીનો કરિશ્મા અકબંધ રહ્યો છે અને કેરળમાં સામ્યવાદી ઉમેદવાર જીત્યો છે. ભાજપને માત્ર મહારાષ્ટ્રની પાલઘર બેઠક મળી છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસના ફાળે પણ એક બેઠક ગઈ છે. વિપક્ષી એકતાનો વિજયધ્વજ ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન મોદી સામે રેડ સિગ્નલ જેવો છે. કોઈની કરિશ્મા કાયમી નથી રહેતી : એ ઈંદિરા ગાંધી હોય કે નરેન્દ્ર મોદી.

# બાળકની સર્જનાત્મકતાના વિકાસમાં વાલીની ભાગીદારી

રંગ-ઉમંગ
કાનન ઓઝા



એસએસસીમાં ભણતા એક વિદ્યાર્થીનું રિઝલ્ટ આવ્યું. માતા-પિતા એ તેને કહ્યું, 'ચાલ બેટા, આજે આપણે શહેરની સારામાં સારી હોટેલમાં જમવા જવાનું છે.'

છોકરાને સુખદ આશ્ચર્ય થયું, કારમ કે માતા પિતા સામાન્ય પરિસ્થિતિના હતા અને આવી કયારેક તેને ઑફર આવી ન હતી. માતા-પિતા અને છોકરો, એમ ત્રણેય તૈયાર થઈ હોટેલમાં જમવા ગયા. છોકરાને ભાવતી વાનગી ઓર્ડર કરી ત્રણેય જમ્યા...

જમવાનું પત્યા પછી પિતાએ હળવેકથી દીકરાને માથે હાથ ફેરવી કહ્યું, 'બેટા, તને ખબર છે. તું એસએસસીમાં નાપાસ થયો છે?'



દીકરાના પગ નીચેથી જમીન ખસી ગઈ પણ પિતાએ તેને સાંભળતા કહ્યું, 'કંઈ વાધો નહિ, આ કોઈ તારી જિંદગીની કસોટી ન હતી. એટલું યાદ રાખજે, ભણવાનું પાસ કરવાથી તું કદાચ સફળ થઈશ, પણ જિંદગીમાં આવનારા ઉતારચઢાવને હિંમત અને ધીરજથી પાસ કરવાથી તું સુખી અને મહાન બનીશ...'

આ વિદ્યાર્થી કોણ છે? તમને ખબર છે? આજ નો મોટો ગજાનો કલાકાર અનુપમ ખેર. આ પ્રસંગે તેની જિંદગી બદલી નાખી એ નિષ્ફળતાને પણ ઉજવતા શીખ્યા ઓછા ટકા આવવાથી સંતાનને ખાવા કરડવા દોડતા વાલીઓ ચેતજો. સંતાનને કાયમ માટે ગુમાવવાનો વારો ન આવે...

પોતાના બાળકોનો ઉછેર ઉત્તમ રીતે થાય તેવું દરેક પરિવારના વડીલો કે વાલીઓ ઈચ્છતા હોય છે. આમ છતાં બાળઉછેર અંગેની યોગ્ય સમજ દરેક વાલી ધરાવતા હોતાં નથી. ખરેખર તો બાળકકનો ઉછેરવાનું હોતું નથી. તેને ઉછેરવા દેવાનું હોય છે. બાળકમાં જે જન્મજાત શક્તિ અને સંભાવના બીજ હવે રહેલ છે. તેને અંકુરિત થવા દેવાની છે, તેના પૂર્ણવિકાસ માટે અનુકૂળતા કરી આપવાની છે. બાળકના યોગ્ય વિકાસ માટે વાલીઓ પૂરતો સમય આપે એ અનિવાર્ય છે. બાળકના શારીરિક કે એકાંગી વિકાસથી સંતુષ્ટ રહી શકાય નહીં. તેનો સર્વાંગી વિશિષ્ટ શક્તિ પૂર્ણત પાંગરવી જોઈએ બાળકના સર્વાંગી વિકાસમાં શારીરિક વિકાસ, માનસિક વિકાસ, લાગણી કે સાંવેગિક વિકાસ, સામાજિક વિકાસ, ચારિત્ર્ય પણ બાળકનો સર્જનાત્મકના વિકાસ અંગે પણ વાલીઓમાં તેમજ શિક્ષકોમાં સજગતા તેમજ સમજ સમયસર કેળવાય એ ખૂબ જ જરૂરી છે.

પ્રત્યેક બાળકમાં સર્જન કરી શકવાની ક્ષમતા હોય છે. તેના પ્રણામમાં તેમજ ક્ષેત્રમાં ભિન્નતા હોય તે સહજ છે. તેનું કારણ પ્રત્યેક બાળકને પ્રાપ્ત થયેલ વારસો એક સરખો હોતો નથી. તે જ રીતે તેમનો ઉછેર પણ વિભિન્ન વાતાવરણમાં થયેલા હોય છે. બાળકની વય વધે તેમ તેની સર્જનાત્મકનું ક્ષેત્ર બદલાતું રહે તેવું બને. તેના સાતત્ય માટે વાલીની સમયસરની પરખે, પ્રોત્સાહન અને જરૂરી સુવિધા. સામગ્રીની પ્રાપ્તિની અપેક્ષિત છે.

'બાળકો ને ઉછેરવા માટે અને બાપ બંને સરખા જવાબદાર છે. બાપે બાળકને ઉછેરવાનો બોજ એકલી મા ઉપર મૂકી દઈને ભારે પાપ કર્યું છે. પોતાનું બાળક પોતાને ન ચાહે એથી વધારે આપત્તિ કઈ ? પોતાનું બાળક પોતાને ચાહે એથી વધારે ઉચ્ચ લ્હાવો કયો ?'

# 'બાપા સીતારામ' આ સૂત્ર કયા સંતપુરુષનું છે ?

ખજાનો
અનિલ પટેલ



## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૧ ગોહિલવાડ પંથકની કોળી બહેનોનું પ્રસિદ્ધ લોકનૃત્ય કયું છે?
(અ) રાસડો (બ) ઢોલો રાણો
(ક) ગરબો (ડ) હીંચ

૨ ગુજરાતના કયા શહેરમાં કર્ણુક્તેશ્વર મહાદેવનું પૌરાણિક મંદિર આવેલું છે ?
(અ) વડોદરા (બ) સિદ્ધપુર
(ક) જૂનાગઢ (ડ) અમદાવાદ

૩ કયા મહિનાની અગિયારસ જળજીલણી એકાદશી તરીકે ઉજવાય છે ?
(અ) અષાઢ સુદ અગિયારસ (બ) શ્રાવણ સુદ અગિયારસ
(ક) ભાદરવા સુદ અગિયારસ (ડ) આસો સુદ અગિયારસ

૪ 'ભડલી વાક્યો' પ્રકારનું લોક સાહિત્ય કોને સંબંધિત છે?
(અ) હવામાનના વરતારા (બ) જયોતિષશાસ્ત્ર
(ક) રાજયશાસ્ત્ર (ડ) અર્થશાસ્ત્ર

૫ ગુજરાતમાં નાથ સંપ્રદાયનો મઠ કયાં આવેલ છે ?
(અ) જૂનાગઢ (બ) પાવાગઢ
(ક) ધીણોધર (કચ્છ) (ડ) સોમનાથ

૬ હોમાય વ્યારાવાલા કયા ક્ષેત્રમાં નિપૂર્ણતા મેળવનારા પ્રથમ મહિલા હતા?
(અ) પ્રથમ મહિલા ઉદ્યોગપતિ (બ) પ્રથમ નૃત્યાંગના
(ક) પ્રોફેશનલ તસ્વીરકાર (ડ) પ્રથમ સંગીતકાર

૭ દર્શના ઝવેરીનું નામ કયા નૃત્ય સાથે જોડાયેલું છે?
(અ) કથક (બ) ઢોલા રાણો
(ક) મણિપુરી (ડ) ભરત નાટ્યમ્

૮ બૈજુ બાવરાનું વતન કયું હતું ?
(અ) ચાંપાનેર (બ) પંચાસર
(ક) વલ્લભીપુર (ડ) જેતલપુર

૯ 'બાપા સીતારામ' આ સૂત્ર કયા સંતપુરુષનું છે ?
(અ) જલારામ બાપા (બ) ગોદડીયા બાપુ
(ક) બજંરગદાસ બાપુ (ડ) મોરારિ બાપુ

૧૦ તારણગઢનો કિલ્લો કયાં આવેલો છે ?
(અ) ખેડબ્રહ્મા (બ) તારંગા
(ક) ઈડર (ડ) સાદરા

૧૧ ડાકોર પહેલાં કયા નામે ઓળખાતું હતું ?
(અ) ડંકપુર (બ) દાકોરગઢ
(ક) ડેડીયાપુર (ડ) દિનાપુર

૧૨ વિશ્વકર્મા જયંતિ કયારે ઉજવાય છે ?
(અ) પોષવદ તેરસ (બ) પોષ સુદ તેરસ
(ક) મહાવદ તેરસ (ડ) મહાસુદ તેરસ

૧૩ કોટયર્ક વૈષ્ણવ તીર્થ કયાં આવેલ છે ?
(અ) શંખેશ્વર (બ) મહુડી
(ક) તારંગા (ડ) અંબાજી

૧૪ જયશંકર સુંદરી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
(અ) રંગભૂમિ (બ) નૃત્ય
(ક) ચિત્રકલા (ડ) સંગીત

૧૫ ગુજરાતમાં કળયુગના ઋષિ તરીકે કોણ ઓળખાય છે?
(અ) વિનોબા ભાવે (બ) ઠક્કરબાપા
(ક) રવિશંકર મહારાજ (ડ) નાનાલાલ ભટ્ટ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧ જુન :**
  - થોમસ આલ્વા એડિશન વોર્શીગ મશીનની પેટન્ટ મેળવી (૧૮૬૯)
  - અસ્પૃશ્યતાનો કાયદો લાગુ પાડવાં આવ્યો (૧૯૫૫)
  - વાર્તાકાર, નવલકથાકાર સરોજ પાઠકની જન્મજયંતિ (૧૯૨૯)
  - વિદ્યાગોરી ર. નીલકંઠની જન્મજયંતિ (૧૮૩૬)
  - ઈસ્ટ ઈન્ડિયા કંપની ભંગ કરવામાં આવી (૧૮૭૪)
  - નેપાલ રોયલ ફેમીલી હત્યાકાંડ (૨૦૦૧)
- **૨જી જુન :**
  - રેડિયોના શોધક યોર્કીનીએ રેડિયોની પેટન્ટ મેળવી (૧૮૯૬)
  - ઈંગ્લેન્ડના જાણીતા સાહિત્યકાર થોમસ હાર્ડીનો જન્મદિવસ (૧૮૪૦)
  - લોર્ડ માઉન્ટ બેટને ભારતના ભાગલાની જાહેરાત કરી (૧૯૪૭)
  - લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન બન્યા (૧૯૪૬)
- **૩ જૂન :**
  - યોગીજી મહારાજનો જન્મદિવસ (૧૮૯૨)
  - તમિલનાડુના પાંચ વાર મુખ્યમંત્રી રહી ચુકેલા દિગ્ગજ નેતા એમ. કરુણાનીધિનો જન્મ દિવસ (૧૯૨૪)
  - ઈતિહાસ વિદ કે. એમ. પાનીકટની જન્મ જયંતિ (૧૮૬૭)
  - જી.શંકર સ્વરુપની જન્મજયંતિ (૧૯૦૧)
- **૪ જુન :**
  - ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક રણજીતરામ મહેતાની પુણ્યતિથિ (૧૯૧૭)
  - જુદી જુદી ભાષામાં ૪૦ હજાર જેટલા ગીતો ગાનાર એસ. પી. બાલા સુબ્રહ્મણમનો જન્મદિવસ (૧૯૪૬)
  - જ્ઞાનેન્દ્ર નેપાળના રાજા બન્યા (૨૦૦૧)
  - સંદેશા વ્યવહાર માટેનો ઉપગ્રહ - ઈન્સેટ-૨ડી છોડાયો (૧૯૪૬)
- **૫ જુન : વિશ્વ પર્યાવરણ દિવસ**
  - મજદૂર આંદોલનના જન્મદાતા નારાયણ મનોહર જોષીનો જન્મદિવસ (૧૮૭૯)
  - વિશ્વ વિખ્યાત પત્રકાર હોય ટોમસનો જન્મદિવસ (૧૮૯૪)
  - મિખાઈલ ગાર્બાચોવને શાંતિનું નોબલ એનાયત થયું (૧૯૯૧)
  - ઓપરેશન બ્લૂ સ્ટાર અંતર્ગત સેનાએ સુવર્ણ મંદિરમાં પ્રવેશ કર્યો (૧૯૮૪)
- **૬ જુન :**
  - રોબર્ટ સ્કોટની જન્મજયંતિ (૧૯૧૯)
  - ગીતકાર અને પટકથાકાર લેખક રાજેન્દ્ર કૃષ્ણનો જન્મદિવસ (૧૯૧૯)
  - ક્રિકેટર આસિફ ઈકબાલનો જન્મ (૧૯૪૩)
  - ઈંગ્લેન્ડની ટીમના પૂર્વ કેપ્ટન માઈક ગેટીંગનો જન્મ (૧૯૫૭)
- **૭ જુન :**
  - ચિત્તોડના મહારાજા રાણા પ્રતાપનો જન્મદિવસ (૧૫૩૯)
  - વલ્લભ વિદ્યાનગરના દૃષ્ટા ભાઈલાલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૮૮)
  - દ.આફ્રિકામાં ગાંધીજીએ પ્રથમ વખત સવિનય કાનૂન ભંગ કર્યો. (૧૮૯૫)
  - ટેનિસ ખેલાડી મહેસ ભૂપતિનો જન્મદિવસ (૧૯૭૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટકમાં કોંગ્રેસના કયા નેતાને ઉપમુખ્યમંત્રી તરીકે નિકુક્ત કરવામાં આવ્યા છે ?**

**જવાબ : જી. પરમેશ્વરા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ જાદવ : રાયસણ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ચંદ્રબાબુ નાયડુ કયા પક્ષના નેતા છે.**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પુરુષોત્તમનાં પણ નામ હજાર !



જેવી રીતે વિષ્ણુસહસ્રનામ છે, તેની જેમ પુરુષોત્તમ સહસ્રનામ પણ છે. પરંતુ તે એનાં કરતાં ઓછા જાણીતા છે.

ઋષિ શ્રીમદ્ વૈશ્વાનરે પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રની રચના કરી છે. આમાં ૨૫૬ શ્લોક છે. શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ છે. આ દરેકમાંથી એમણે નામો તારવ્યા છે. અને આ સ્તોત્રમાં મૂક્યા છે. આ રીતે બાર સ્કંધમાંથી એક હજાર નામ અહીં ઉપલબ્ધ છે.

આમાનાં કેટલાક આ પ્રમાણે છે : સંખ્યામાં ૧૦૧ છે :

(૧) શ્રીકૃષ્ણ, પુરુષોત્તમ, વિષ્ણુ, ભક્તોદ્ધાર પ્રયત્નાત્મા - ભક્તનો ઉધ્ધાર કરવા પ્રયત્નોમાં જાતને રોકી રાખનારા, પ્રવર્તક, અંતરાત્મા, ધ્યાનગમ્ય - ધ્યાનથી પામી શકાય, એવા, ભક્તાનાં પરીક્ષક - ભક્તોનાં જ પારખા કરનારા. = ૮

(૨) સર્વધ્યેય - સૌ કોઈ એનું ધ્યાન કરી શકે. સર્વસાક્ષી - બધાનાં સારાં નરસા કામોને જુએ છે. સતાં પતિ - સજ્જનોના સ્વામી છે. સર્વદોષ વિવર્જિત - બધા દોષોથી મુક્ત છે. = ૪

(૩) સર્વતીર્થ ફલપ્રદ - બધા તીર્થસ્થાનોનું ફળ આપનારા, ભક્ત તુલ્ય - ભક્તોને પોતાની જેવા સમજે છે. સર્ગલીલાલપ્રવર્તક - સૃષ્ટિ અને એમાંથી લીલાઓનાં પ્રવર્તક, બ્રહ્મા, ભૂમિપાલક, વૈકુંઠ ધિપતિ, ભક્તોન્નતિકર - ભક્તોનિ ઉન્નતિ કરે છે. = ૭

(૪) દેવેન્દ્ર, અભયપ્રદ, દત્તાત્રેય, નારાયણ, બદરિસ્થાનભૂષણ, અમાની - નમ્ર, હંસ - વિવેકશીલ, ધ્રુવપ્રિય, પ્રજાપાલનૈક પરાયણ - માત્ર પ્રજાપાલનમાં જ રોકાયેલા, જનાર્દન, શુભ-કલ્યાણસ્વરુપ. = ૧૧

(૫) અચ્યુત - અવિચળ, મર્યાદા પુરુષોત્તમ, સહનશીલ, શિવોપાસ - શિવની ઉપાસના પામે, સૂર્યનારાયણ, સ્મૃતિમાત્રાર્તિ - નાશક - માત્ર સ્મરણ કરવાથી સંકટનો નાશ કરી નાખે, સર્વાનુગ્રહકર્તા - સૌ કોઈ ઉપર ઉપકાર કરનારા. = ૮

(૬) અજામિલમહાદુષ્ટમોચક - અજામિલને મહાન દોષમાંથી છોડાવનાર, નારણ પ્રેરણાત્મા, વૃત્રમોક્ષ - અસુર વૃક્ષને મોક્ષ આપનારા, શિવ, આદિત્ય, દૈત્યરાજ, ત્રાતા - રક્ષક, વ્રતાત્મા - કોઈ પણ વ્રતના આત્મા, મહત્પત્તિ, ધર્તા, શાન્તિકર્તા. ૧૧



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૭) સમદૈત્યસુર - દૈત્ય અને દેવ તરફ સમભાવવાળા, પ્રહ્લાદવત્સલ, નૃસિંહ, સ્તંભપ્રસૂતિ - થાંભલામાંથી પ્રગટેલ, નખશસ્ત્ર - નખને શસ્ત્ર તરીકે વાપરનારા, સ્તુતિ પ્રિય, શિવકીર્તિવિવર્ધન - ગજેન્દ્રને છોડાવનારા, શિવપ્રિય, લક્ષ્મી સૌભાગ્યવર્ધન, ધન્વન્તરિ, આયુર્વેદપ્રણેતા, સ્ત્રીરુપ, ઉપેન્દ્ર, સત્યવ્રતપ્રિય, ગુરુ. = ૯

(૮) રામચંદ્ર, લક્ષ્મણ, ભરત, શત્રુધ્ન, વિશ્વામિત્ર પ્રિય, સીતાપતિ, પિતૃવાક્યપરિપાલક - પિતાના વચનોને પાળનારા, અહલ્યા, દુ:ખહારી, શબરીપૂજિત, સેતુબંધકર્તા, રાવણાદિશિરચ્છેદી - રાવણ વગેરેનો શિરચ્છેદન કરનારા, હૈહયાન્તક - હૈહયોનો નાશ કરનારા પરશુરામ. = ૧૨

(૧૦) કેશવ, દેવકીગર્ભભૂષણ, યશોદાનંદન, નંદવ્રજજનાનંદી - નંદરાય અને વ્રજવાસીઓને આનંદ આપનારા, બલભદ્ર પ્રિય, નવનીત પ્રિય, ગોપિકા વ્યાપ્ત સર્વાંગ - બધી ગોપીઓ સાથે રહેલા સ્વરુપ વાળા, ગુરુશુશ્રૂષાપરાયણ - ગુરુની સેવામાં રોકાયેલા, મુરારિ - અસુર મુરના શત્રુ, સન્માર્ગ બોધક, વરપ્રદ. = ૧૧

(૧૧) ઉદ્ધવજ્ઞાનદાતા, ભિક્ષુગીતાપ્રવક્તા, શુદ્ધ સાંખ્ય, પ્રવર્તક - શુદ્ધ સાંખ્યદર્શનના પ્રવર્તક. = ૩

(૧૨) બુદ્ધ, કલ્પિ, પરીક્ષિત દેહમોક્ષદ - પરીક્ષિતને દેહમુક્તિ આપનારા, વેદરૂપ, વ્યાસ, પુરાણાર્થપ્રવક્તા - પુરાણોના અર્થને સમજાવનારા, મહાદેવ સ્વરુપ. આદિત્યાન્તર્ગત - સૂર્યમંડળમાં રહેલા, ભાગવત્ રુપ, સર્વાર્થફલદાયક. = ૧૦

આ રીતે શ્રીમદ્ ભાગવત્‌ના બાર સ્કંદ છે. તેમાંથી ઋષિ શ્રીમદ્ વૈશ્વાનરે પુરુષોત્તમનાં એક હજાર નામો સંકલિત કર્યા છે. આ નામો વિષ્ણુ સહસ્રનામ જેટલાં જાણીતા નથી. પરંતુ આનું મહત્ત્વ બીજી રીતે પણ છે.

ભગવાન વિષ્ણુ, એમનો આર્વિભાવ, એમનું અવતારકાર્ય વગેરે સાથે આ નામો સંકળાયેલા છે.